**A K Patel**
CEO, GSRRDA
079- 23256877-79
Fax: 079-23256878

**Gujarat State Rural Roads Development Agency**
(an agency of Roads & Buildings Department)
2nd floor, Nirman bhavan, Sector-10A,Gandhinagar
Email : gj-itno@nic.in

**GSRRDA/PMGSY/RRM Policy/2017-18**

**Date:25/ 04/2018**

**To,**

**Joint Secretary (RC) & DG,**

**NRRDA,**

**New Delhi-110066.**

**Sub: Regarding Rural Road Maintenance Policy-2018**

**Ref: (1) NRRDA letter D.O.No. P=17015/33/2016-RC[350260], dated: 13.11.2017**

**(2) Meeting Of Performance Review Committe (PRC) held on dated: 12.04.2018**

**Respected Madam,**

Appropos to above captioned subject, we are submitting " Gujarat Rural Roads Maintenance Policy-2018 " attached herewith.

**Thanking You.**

**Encl: As above**

**(A.K.Patel)**
**CEO and CE & Add.Secy,**
**GSRRDA**

Extra No. 113

વાર્ષિક લવાજમનો દર રૂ. ૪૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. LIX] SATURDAY,MARCH 31, 2018/CAITRA10, 1940

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-B

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

**ROADS AND BUILDINGDEPARTMENT**

**Notification**

Sachivalaya, Gandhinagar,19th March, 2018

**Introduction of "Gujarat Rural Roads Maintenance Policy-2018"**

**No.GJ/1/2018/SRR/2018/US-1-2/D-2:** In the reference to directives of Government of India in reference to Pradhan Mantri Gram Sadak Yojana, Ministy of Rural Development, Government of India, The Government of Gujarat has decided to formulate "Gujarat Rural Roads Maintenance Policy-2018".

After alaborate deliberations held at National and State level on Rural roads Maintenance policy the Government of Gujarat has decided to formulate and publish "Gujarat Rural Roads Maintenance Policy-2018".

The purpose of the policy is to provide a guiding frame work for establishing the objectives, making arrangements for and establishing sets of procedures for the maintenance and repair of rural roads in the State of Gujarat.

The Government have examined the matter and after careful consideration approved the "Gujarat Rural Roads Maintenance Policy-2018" and Annexed to this order.

The Secretary, Roads and Buildings Department, Government of Gujarat shall take further necessary action accordingly.

The "Gujarat Rural Roads Maintenance Policy-2018" will come into force with immediate effect.

**S.B.VASAVA,**
Secretary
Roads and Buildings Department
Government of Gujarat

(iii) Maintenance of rural roads judiciously and optionally with available funds and resources.

(iv) To explore new technologies in the field of repair and maintenance of rural roads.

(v) To increase capacity buildings and organization development of man power and agencies engaged in rural road construction and its efficient maintenance for rural road development and maintenance functions

(vi) To ensure quality in maintenance by having proper norms and procedure pertaining to maintenance and management of the rural road network in the state.

(vii) To maintain rural road network of the state to facilitate sustainable and was well balanced socio economic development.

5. **Classification of maintenance activity:**

**As per IRC 82 maintenance operation can be classified as:**

(i) Routine maintenance such as pot holes filling, filling the cracks etc. round the year.

(ii) Period maintenance covering renewals, which are required to be done at period interval

(iii) Rehabilitation and Strengthening, which includes major restoration or up-gradation of pavement through reconstruction of application of overlays or to correct structural deficiencies.

(iv) Further, the maintenance also includes emergencies repairs such as flood damage or accidental damages.

(v) The routine maintenance also includes maintenance of shoulders, maintenance of road furniture, guardrails, cross drains structures, causeways, minor / major bridges etc.

6. **Funding arrangement:**

The state is allocating funds for maintenance under the Maintenance and Repair (M&R) there of the state budget head for its rural road network for current repairs for routine maintenance and of special repairs for periodical maintenance. The rehabilitation and strengthening is to be taken up under budgetary provisions of respective items. For emergency repairs the necessary funds are to be diverted from SDRF (State Disaster Relief Fund) or state budget or departmental budget on as and when required basis.

Further R&B Deptt. had fixed the norms for expenditure for maintenance of various categories of roads for entire road network vide resolution no.MNR.1123.D, Dtd.8/12/1986 and accordingly with the available budget / fund the maintenance of road network including rural roads taken-up by R&BD.

7. **Types of defects / distress:**

The following defects / distresses are to be attended and to be covered under maintenance.

(i) Surface damages / worn-out surfaces / patchwork
(ii) Cracks, alligator cracks,
(iii) bleeding
(iv) Corrugation
(v) Depression / settlement / rain cuts / damaged shoulders
(vi) Disintegration / raveling / rutting / pot holes / shoving / up heaval
(vii) Cutting the branches of trees / shrubs / trimming of grass and weeds
(viii) Distress and damages to the structures
(ix) Blocked of water ways

પ્રોફાઇલની જાળવણી પણ વિશેષ ધ્યાન માગી લે છે. જાળવણીની જરૂરિયાતો ટ્રાફિક ભૂપ્રદેશ, જમીનનો પ્રકાર વગેરે પર આધાર રાખે છે. જાળવણીની જરૂરિયાતો સ્થિર નથી, પરંતુ સતત નવી આવશ્યકતાઓ સાથે બદલાતી રહે છે અને સામાજીક વિકાસ સાથે તેમાં સુધારો થાય છે. શરૂઆતમાં રસ્તાઓની જાળવણી માટેનું પ્રાથમિક કારણ સંપત્તિનું સંરક્ષણ હતું, પરંતુ હવે સમાજની બદલાતી જરૂરીયાત સાથે રસ્તાની સગવડતાની સલામતી, સગવડતા પૂર્ણ પરિવહન અને વાહન ચાલકની સલામતીના સંદર્ભમાં જાળવણી જરૂરી છે.

ગ્રામ્ય રસ્તાઓમાં અન્ય જિલ્લા માર્ગો અને ગ્રામીણ માર્ગોનો સમાવેશ થાય છે. જેના મરામત ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ ગ્રામ્ય માર્ગોમાં રાજ્યના આયોજન બહારના માર્ગોનો પણ સમાવેશ થાય છે. એફ-૧ અને એફ-૨ પુસ્તીકામાં સૂચિબદ્ધ હોય તેવા આ તમામ આયોજન હેઠળના અને આયોજન બહારના ગ્રામ્ય માર્ગોની જાળવણી માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવે છે. તા.૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં ૧૦૨૫૨ કિ.મી. લંબાઇના અન્ય જિલ્લા માર્ગો છે જે પૈકી ૯૬૯૬ કિ.મી. લંબાઇના રસ્તાઓ ડામર સપાટીના છે તથા ૨૭૭૫૬ કિ.મી. લંબાઈના ગ્રામ્ય માર્ગો છે. જે પૈકી ૨૬૦૬૩ કિ.મી. લંબાઈના રસ્તાઓ ડામર સપાટીના છે અને ૩૩૮૩૦ કિ.મી. લંબાઇના આયોજન બહારના રસ્તાઓ છે જે પૈકી ૨૯૪૩૧ કિ.મી. લંબાઇના ડામર સપાટીના રસ્તાઓ છે. પ્રતિવર્ષ રાજ્યની તેમજ ભારત સરકારની વિવિધ યોજનાઓ દ્વારા નવા ગ્રામ્ય માર્ગોના બાંધકામમાં વધારો થાય છે. આથી નવા તેમજ રાજ્યના પ્રવર્તમાન રસ્તાના માળખાનો કાર્યક્ષમ ઉપયોગ થઇ શકે અને તેનું ટકાઉપણું સુનિશ્ચિત કરી શકાય તે માટે આ રસ્તાઓની યોગ્ય મરામત અને જાળવણી જરૂરી છે.

ગ્રામ્ય રસ્તાઓની યોગ્ય મરામત અને જાળવણી, ગ્રામ્ય વિસ્તારોના વસવાટો સુધી પહોંચવાની સુવિધાની સાથો સાથ રસ્તાની નુકશાનીનો દર ઘટાડે છે, વાહન સંચાલનનો ખર્ચ ઘટાડે છે, રસ્તાઓના વપરાશકર્તાઓની સલામતીમાં વધારો કરે છે, ઓછામાં ઓછી અસુવિધા સાથે વધુ ટ્રાફિકનું પરિવહન કરે છે, ઓછામાં ઓછા ખર્ચે અસ્કયામતોની અસરકારક અને યોગ્ય ઉપયોગીતા સાથે વધુ વિશ્વસનીય અને સારી પરિવહન સેવા ઉપલબ્ધ કરવામાં મદદરૂપ બને છે અને તે દ્વારા પરિવહનની સારી સુવિધા સાથે વધુ વિશ્વસનીય અને ટકાઉ આર્થિક તેમજ સામાજીક લાભો પુરા પાડી શકે છે. યોગ્ય મરામત અને જાળવણી રસ્તાની નિર્ધારિત ડીઝાઇન લાઇફમાં તેની યોગ્ય ઉપયોગીતાની ખાતરી આપે છે. અયોગ્ય અથવા બિનજાળવણીથી કુદરતી અને નાણાકીય સંસાધનો પર વધારાનો બોજો પડે છે. તેથી ગ્રામીણ માર્ગોની અસરકારક, સમયસર અને પદ્ધતિસરની જાળવણી જરૂરી છે.

**૪. ઉદ્દેશોઃ**

**નીતિના ઉદેશો નીચે પ્રમાણે છેઃ**

(i) ગ્રામ્ય રસ્તાઓની અસ્કયામતોને લગભગ તેની મૂળ સ્થિતિએ જાળવી રાખવી.

(ii) ગ્રામીણ રસ્તાઓની યોગ્ય, પર્યાપ્ત અને સમયસરની જાળવણી સાથે ગ્રામ્ય વિસ્તારોમાં સલામત, ઝડપી અને કાર્યક્ષમ ઉપયોગીતા પુરી પાડવી.

(iii) ઉપલબ્ધ ભંડોળ અને સ્ત્રોતો સાથે ગ્રામ્ય રસ્તાઓની ન્યાયપૂર્ણ તેમઝ જરૂરીયાત પ્રમાણેની રીતોથી જાળવણી કરવી.

(iv) ગ્રામ્ય રસ્તાઓની મરામત અને જાળવણીમાં નવી ટેકનોલોજીની અજમાયેશ કરવી.

(v) ગ્રામ્ય રસ્તાઓના બાંધકામ, વિકાસ અને અસરકારક મરામત જાળવણીના કાર્યમાં સંકળાયેલ સંસ્થાઓ, માનવ સંસાધન, એજન્સીઓની ક્ષમતામાં સુધારો વધારો કરવો.

(vi) રાજ્યના ગ્રામીણ રસ્તાઓની યોગ્ય મરામત અને જાળવણી માટે માળખાના સંચાલન અને મરામતને લગતા ધારાધોરણો અને પદ્ધતિઓ નિર્ધારિત કરવી.

(vii) સંતુલીત આર્થિક અને સામાજિક વિકાસ માટે ગ્રામીણ રસ્તાઓના માળખાની ટકાઉ મરામત અને જાળવણી સુનિશ્ચિત કરવી.

(ix) પાણીના માર્ગોના અવરોધો

(x) નાળાઓની મરામત, રંગરોગાન અને ચુનાકામ

(xi) ગાર્ડસ્ટોન, કિ.મી./ હેક્ટો મી. સ્ટોન તેમજ રસ્તાની નિશાનીઓ વગેરેની ખામીઓ

**૮. મરામતની પ્રક્રિયાઃ**

ખામીઓ તથા નુકશાનીની મરામત જે તે સંજોગો અનુસાર નિયમિત/સામયિક/તત્કાલિક સમારકામ હેઠળ સંબંધિત આઇ.આર.સી. કોડ, એમ.ઓ.આર.ડી. મેન્યુઅલ અને પ્રવર્તમાન પ્રણાલીઓનું પાલન કરી, ઉત્કૃષ્ટ અને ટકાઉ અસ્કયામતોની ગુણવત્તા જળવાય અને તે આર્થીક રીતે કાર્યક્ષમ થાય તે રીતે હાથ ધરવાની રહેશે.

**૯. અમલીકરણઃ**

રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લાઓમાં ગ્રામ્ય રસ્તાઓ માટે વિભાગોની સ્થાપના કરવામાં આવેલ છે. જેના મુખ્ય અધિકારી કાર્યપાલક ઇજનેર છે. જિલ્લા પંચાયતો હસ્તકના ગ્રામ્ય માર્ગોનું નિયંત્રણ અને જાળવણી સંબંધિત જિલ્લાના પંચાયત વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા કરવાની રહે છે. રાજ્ય વિભાગ હસ્તકના ગ્રામ્ય માર્ગોનું નિયંત્રણ અને જાળવણી સંબંધિત જિલ્લાના રાજ્ય વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા કરવાની રહે છે. આ બન્ને વિભાગોને ગ્રામ્ય માર્ગોની મરામત અને જાળવણી માટે વિભાગની અંદાજ પત્રીય જોગવાઇઓમાંથી નાણાકીય ફાળવણી કરવામાં આવે છે. ગ્રામ્ય માર્ગોની મરામતને લગતી તમામ તાંત્રિક બાબતો માટે તેની પ્રગતિ માટે, તેની ગુણવત્તા માટે અને તેના યોગ્ય દેખાવ માટે સંબંધિત કાર્યપાલક ઇજનેર જવાબદાર છે.

**૧૦. આગળનું આયોજનઃ**

રાજ્ય હંમેશા નવીનતાઓ માટે દીર્ઘદ્રષ્ટિ ધરાવે છે અને વધુ સારી કામગીરી કરવા માટે નવી ટેકનોલોજી અને નવી પદ્ધતિઓને અપનાવવામાં અગ્રેસર છે. પરફોર્મન્સ બેઝ કોન્ટ્રાકટ જેવી પદ્ધતિઓને પ્રોત્સાહીત કરવામાં આવે છે. વધુ અદ્યતન અને પર્યાવરણ સંદર્ભે મૈત્રીપૂર્ણ હોય તેવી ટેકનોલોજી જેવી કે માલસામાનની પુનરુપયોગીતા, પ્લાસ્ટીક કચરાનો ઉપયોગ, નેનો ટેકનોલોજી આધારિત રસાયણોનો ઉપયોગ કે આવા અન્ય કોઇપણ નવતર માલસામાનનો ઉપયોગ મરામત અને જાળવણીના કાર્યોમાં અપનાવવામાં આવે છે.

---

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR